## જન્મદિને વધામણી



ધવલસિંહ અરવિંદસિંહ વાઘેલા
મો. ૯૯૨૫૫૯૮૨૭૩



આયુષ નીરવકુમાર ગાંધી
ફોન : ૨૩૨૨૬૬૮૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# બીપીસીસીઍસના વિદ્યાર્થીઓ માટે બૂટસ્ટ્રૅપ વિષયે વર્ક-શૉપ યોજાયો



### બૂટસ્ટ્રૅપ કન્ફિગરેશન, નેવિગેશન, પ્લગ-ઈન્સ, ઍલર્ટ મૅસેજ, પૉપ-અપ્સ વગેરે જીયુઆઈની વિસ્તૃત માહિતી વિષય નિષ્ણાત હિમાંશિ પરિક દ્વારા અપાઈ

ગાંધીનગર, તા. ૧૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝના સૅમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓ માટે 'બૂટસ્ટ્રૅપ'નો બે દિવસીય વર્કશૉપ યોજવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી આપતાં કૉલેજના ડિરેક્ટર ડૉ. સંજય શાહે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે-સાથે ઔદ્યોગિક એકમોમાં વપરાતી ટૅકનોલૉજી વિશેની માહિતી પ્રાપ્ત થાય તે માટે કૉલેજમાં અવારનવાર વિવિધ વિષયોને અનુરૂપ સૅમિનાર અને વર્કશૉપનું આયોજન થતું રહે છે, તે સંદર્ભમાં આ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશૉપમાં વિષય નિષ્ણાત તરીકે ટૉપ્સ ટૅકનોલૉજીના હિમાંશુ પરિક ઉપસ્થિત રહ્યા હતા, જેમણે આ ટૅકનોલૉજીથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. બૂટસ્ટ્રૅપ કન્ફિગરેશન, નેવિગેશન, પ્લગ-ઈન્સ, ઍલર્ટ મૅસેજ, પૉપ-અપ્સ વગેરે જીયુઆઈની વિસ્તૃત માહિતી તેમણે આપી હતી. ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ વર્કશૉપનો લાભ લીધ હતો. બે દિવસીય વર્કશૉપના અંતે વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલા વિવિધ પ્રશ્નોના ઉત્તરો પણ નિષ્ણાત દ્વારા પાઠવવામાં આવ્યા હતા.

વર્કશૉપનું આયોજન પ્રૉ. પૂજા જોષી, પ્રૉ. પલક પટેલ અને પ્રૉ. જૈમિની કુલકર્ણી દ્વારા પ્રાધ્યાપક મિત્રોના સહયોગથી સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીની ગણતંત્ર દિવસ પરેડમાં સાજેદારી

ગાંધીનગર, તા. ૧૦

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસૅસ યુનિટના સ્વયંસેવક વિકાસ રાજગોરે દિલ્હી ખાતે યોજાયેલી રિપબ્લિક ડે પરેડમાં ભાગ લઈ કૉલેજનું ગૌરવ વધાર્યું છે.

૩૧ ડિસેમ્બરથી ૧ ફેબ્રુઆરી એમ ૧ માસ સુધી વિકાસે પરેડ માટેની તાલીમ પ્રાપ્ત કરી હતી અને સાંસ્કૃતિક, ઍકેડેમિક જેવા વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આ પરેડ માટે દેશભરમાંથી ૨૦૦ વિદ્યાર્થીઓ પસંદ થતા હોય છે અને તે પૈકી ૨૬મી જાન્યુઆરીના રોજ



રાજપથ પર પરેડ માટે ૧૬૦ વિદ્યાર્થીઓની પસંદગી થાય છે. આ વિદ્યાર્થીઓમાં વિકાસની પસંદગી પણ કરવામાં આવી હતી.

દેશના અન્ય વિદ્યાર્થીઓ સાથે વિકાસે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી સાથે શુભેચ્છા મુલાકાત પણ કરી હતી.

કૉલેજ, કડી સર્વ વિશ્વવિદ્યાલય અને રાજ્યનું નામ રોશન કરનારા આ વિદ્યાર્થીને ડૉ. રણછોડ રથવી તરફથી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. તેને આ સિદ્ધિ બદલ કેઍસવી પ્રૅસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, કુલપતિ ડી ટી કાપડિયા, કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડા ખાતે ગુરુવારે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેજીથી ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

પરેડ, બૅન્ડ અને સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં આ રમતોત્સવનો શુભારંભ કર્યો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સ્પેશિયલ ઑલિમ્પિક્સ, ભારતના વાઈસ પ્રૅસીડેન્ટ ડૉ. ડી જી ચૌધરી તથા પોલીસ ઈન્સપૅક્ટર ઍસ ડી વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા, જેમના દ્વારા પરેડ, બૅન્ડ એ રમતગમતમાં અગ્રસ્થાને રહેલા વિદ્યાર્થીઓને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ વાર્ષિક રમતોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓએ ૫૦, ૧૦૦ મીટર દોડ, ત્રિપગી દોડ, સંગીત ખુરશી, લીંબુ ચમચી, દેડકા દોડ, ઊંચી કૂદ, લાંબી કૂદ, કબડ્ડી, વૉલીબૉલ તથા એક મિનીટ જેવી રમતોમાં ભાગ લઈ આનંદ પ્રાપ્ત કર્યો હતો. વિજેતા વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

## ડાયરેક્ટ ❤ સે

આત્મવિશ્વાસ
નાનકડી હાથબત્તી છે
જે અંધકારમાં તમને
બધું જ નહીં બતાવી શકે
હા તમને
આગલું કદમ મૂકવાની
જગ્યા જરૂર બતાવશે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જૉલી ઍલઍલબી-૨
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૦

**સ્ક્રીન-૩**
રૅસિડેન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૭.૪૫
જૉલી ઍલઍલબી-૨
૨.૦૦, ૫.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪**
ધંત્યા (ગુજરાતી)
૧.૦૦
કુંગ ફુ યોગા
૪.૦૦
દંગલ
૬.૪૫
ઠન ઠન ગોપાલ (ગુજરાતી)
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
જૉલી ઍલઍલબી-૨
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫, ૬.૩૦
રઈસ
૩.૩૦, ૯.૪૫

# ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદનું ૨૪મું વાર્ષિક સંમેલન આજથી

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત શ્રીમતી સદગુણા સી યુ આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, લાલ દરવાજા, અમદાવાદ અને ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના સંયુક્ત ઉપક્રમે પરિષદનું ૨૪મું વાર્ષિક અધિવેશન અંબાજી મુકામે શનિ-રવિ દરમિયાન યોજાઈ રહ્યું છે.

શ્રીમતી સદગુણા સી યુ આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સનાં આચાર્ય ડૉ. સુહાસબેન ઝાલા અને ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના મંત્રી રાજેન્દ્ર જાનીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે તા. ૧૧ અને ૧૨ ફેબ્રુઆરી દરમિયાન આ વાર્ષિક અધિવેશન ચૌધરી વિશ્રાંતિ ગૃહ, અંબાજી મુકામે યોજવામાં આવ્યું છે.

આ અધિવેશનમાં સમગ્ર રાજયભરમાંથી સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપકો, સંશોધકો, પીઍચડી અને ઍમફિલ કરતા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહીને પોતાનાં સંશોધન પેપર્સ રજૂ કરશે.

'ગુજરાત : પરંપરા અને પરિવર્તન' થીમ સાથે મળી રહેલા આ દ્વિદિવસીય વાર્ષિક અધિવેશનમાં વિવિધ પૅનલનું આયોજન કરવામાં આવ્યું છે. પરંપરાગત વ્યવસાયો, દલિત અને આદિવાસી મહિલાઓ, બજાર વ્યવસ્થા અને ગુજરાત તથા ઓપન પૅનલમાં ૧૦૦થી વધુ સંશોધન પત્રો અને તજજ્ઞ અધ્યાપકો દ્વારા કી-પેપર્સ રજૂ કરવામાં આવશે.

આ અધિવેશનમાં ડૉ. તારાબેન પટેલ સ્મૃતિ વ્યાખ્યાન અંતર્ગત જાણીતા પત્રકાર અને કર્મશીલ પ્રકાશનભાઈ ન શાહ 'રાષ્ટ્રવાદ : ૨૦૧૭' વિષયે તથા એ આર શાહ 'સિમ્પોઝિયમ', પ્રખર ધારાશાસ્ત્રી અને શિક્ષણશાસ્ત્રી સુધીરભાઈ નાણાવટી 'શિક્ષણ, સમાજ અને કાનૂન' વિષયે ભૂમિકારૂપ વ્યાખ્યાન આપશે. આ અધિવેશનમાં પરિષદ પ્રમુખ ડૉ. લિના બાદશાહ ઉપર જાણીતા સમાજ શાસ્ત્રી વિમળભાઈ પી શાહ, ઍડવિન મસીહિ, ધીરુભાઈ દેસાઈ, હરીશ દોશી, વિદ્યુત જોષી, ગૌરાંગ જાની, હરેશ ઝાલા, ડૉ. રમેશભાઈ મકવાણા ઉપસ્થિત રહેશે.

## નૅશનલ ચૅસ સ્પર્ધા માટે સ્ટેટ સિલૅક્શન સ્પર્ધા આજે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત સ્ટેટ સિલૅક્શન ફૉર નૅશનલ વુમન ચૅલેન્જર્સ ટુર્નામૅન્ટનું આયોજન ગુજરાત સ્ટેટ ઍસોસિએશન દ્વારા ૧૧ અને ૧૨ ફેબ્રુઆરીના રોજ ચૅસ ઍકેડેમી, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે, જેમાં રાજયના વિવિધ જિલ્લાઓમાંથી ૧૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

પ્રથમ રાઉન્ડ તા. ૧૧ ને શનિવારે સવારે ૧૦ વાગ્યે શરૂ થશે. ટુર્નામૅન્ટમાં કુલ રૂા. ૮ હજારનાં રોકડ ઈનામો અને પ્રથમ ત્રણ વિજેતાઓને ટ્રૉફી એનાયત કરવામાં આવશે. પ્રથમ ચાર વિજેતા ખેલાડીઓને કર્ણાટક ખાતે આયોજિત નૅશનલ ટુર્નામૅન્ટમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળશે.





ઍસોસિએશન ઑફ ઈન્ડિયન કૉલેજ પ્રિન્સિપાલની ૧૮મી ઈન્ટરનેશનલ કૉન્ફરન્સ તામિલનાડુના કોઈમ્બતુરની શ્રી ક્રિષ્ના આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ ખાતે તાજેતરમાં યોજવામાં આવી હતી. આ કૉન્ફરન્સમાં સમગ્ર દેશમાંથી વિવિધ કૉલેજના ૨૫૦ ઉપરાંત આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. કૉન્ફરન્સના ઉદ્દ્ઘાટન સમારોહમાં ઍસોસિએશન દ્વારા પોતાની સંસ્થાને વિશિષ્ટ સિદ્ધિ અપાવનાર દેશના ૧૧ નામાંકિત આચાર્યોનું બહુમાન કરવામાં આવ્યું હતું. પિલવાઈ કૉલેજના આચાર્ય ડૉ. સંજય શાહને સંસ્થાને એ ગ્રેડ તથા યુજીસીનું પ્રતિષ્ઠિત સીપીઈ સ્ટેટસ બે વાર અપાવવા બદલ તામિલનાડુના ઉચ્ચ શિક્ષણ મંત્રી દ્વારા ઍવોર્ડ તથા શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. ગ્રામ વિસ્તારમાં આવેલી આ જૂની અને પ્રતિષ્ઠિત સંસ્થા માટે પોતાની સંસ્થાના વડાની વિશિષ્ટ સિદ્ધિ બદલ સન્માનની આ ઘટના ગૌરવપ્રદ બની રહી હતી. પિલવાઈ કૉલેજ સંચાલક મંડળ, કૅમ્પસની ત્રણેય સંસ્થાઓના કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ દ્વારા ડૉ. સંજય શાહને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# 'ઈફસમન' ગુજરાત એકમ દ્વારા આજે મીડિયાના યોગદાન વિષયે સૅમિનાર

### દેશભરના ૨૦૦થી વધુ અખબારનવેશો શહેરમાં પધારશે

ગાંધીનગર, તા. ૧૦

ઈન્ડિયન ફૅડરેશન ઑફ સ્મૉલ ઍન્ડ મીડિયમ ન્યૂઝપેપર્સ, નવી દિલ્હી તથા આ સંસ્થાના ગુજરાત એકમ દ્વારા મીડિયાના યોગદાન વિષયે સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના નૅશનલ સૅક્રેટરી લક્ષ્મણ પટેલ અને ગુજરાત એકમ સૅક્રેટરી પાર્થ ઠક્કર દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે 'સૌનો સાથ સૌનો વિકાસમાં મીડિયાનું યોગદાન' વિષયે પરિસંવાદનું આયોજન 'ઈફસમન' તથા તેના ગુજરાત એકમ દ્વારા તા. ૧૧ ફેબ્રુઆરી ને શનિવારના રોજ બલરામ ભવન, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

પરિસંવાદ અંતર્ગત પ્રથમ સત્ર સવારે ૧૦ થી ૧ દરમિયાન અને દ્વિતિય સત્ર બપોરે ૨ થી ૫ દરમિયાન યોજવામાં આવશે. આ પરિસંવાદમાં ભાગ લેવા માટે દેશભરનાં રાજ્યોમાંથી ૨૦૦થી વધુ અખબારનવેશો ગાંધીનગર પધારી રહ્યા છે, એમ તેમણે આ અંગેની વિગતો આપતાં વધુમાં જણાવ્યું છે.

## ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા પુસ્તકના પ્રકાશન માટે સર્જનો મોકલવાની સમયમર્યાદા વધારાઈ

ગાંધીનગર, તા. ૧૦

સભ્ય સર્જકો દ્વારા લિખિત સાહિત્યનું પુસ્તક તૈયાર કરવાનો નિર્ણય ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા કરવામાં આવ્યો હતો, જે સંદર્ભે ૮ ફેબ્રુઆરી સુધીમાં સર્જનો નિમંત્રિત કરવામાં આવ્યાં હતાં. આ સમયમર્યાદા હવે ૧૫ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે. આ અંગેની વિગતો આપતાં પ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે કે ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય હોય તેવા સર્જકો આગામી તા. ૧૫ ફેબ્રુઆરી સુધી પોતાનાં સાહિત્ય સર્જનો પુસ્તક પ્રકાશન માટે મોકલી શકશે. અલબત્ત, આ પુસ્તક માટે પ્રત્યેક સાહિત્યકારને પોતાની પસંદગીની બે જ કૃતિ મોકલવા તેમણે અનુરોધ કર્યો છે. આ પુસ્તકનું સંપાદન કવિ કિશોર જીકાદરા (૯૮૭૯૪ ૭૫૧૩૦), પ્રજ્ઞાબેન પટેલ (૯૮૨૫૪ ૩૮૩૯૪) અને રમણ વાઘેલા (૯૯૭૮૪ ૪૦૬૧૬) દ્વારા થઈ રહ્યું છે, જેમને સર્જકો કૃતિઓ મોકલી શકે છે.

# ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા સામાજિક ફરજ અદા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૦

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોએ ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા આયોજિત સેવા સેતુ કાર્યક્રમના આયોજન-સંચાલન માટે સહાય પૂરી પાડી પોતાની સામાજિક ફરજ અદા કરી હતી.

સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ વિસ્તારના નાગરિકો માટે આવકના દાખલા, જાતિના દાખલા, રેશનિંગ કાર્ડ, આધાર કાર્ડ, માતૃત્ત્વ કાર્ડ અને અન્ય વિવિધ પ્રમાણપત્રો આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જે માટે ભરવાનાં થતાં જરૂરી ફૉર્મ ભરવામાં ગ્રામજનોને વિદ્યાપીઠના સ્વયંસેવકોએ મદદ કરી હતી. આ ઉપરાંત સંપૂર્ણ કાર્યક્રમ માટે જરૂરી વિવિધ વ્યવસ્થાઓની જવાબદારી પણ આ વિદ્યાર્થીઓ દ્વારા સુપેરે ઉપાડી લેવામાં આવી હતી.

વિદ્યાર્થીઓની નિષ્ઠ કામગીરીની પ્રશંસા ગાંધીનગર વિસ્તારના ધારાસભ્ય શંભુજી ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ રાઠોડ અને જિલ્લા કલેક્ટર સતિશ પટેલ દ્વારા મુક્ત કંઠે કરવામાં આવી હતી. કલેક્ટરે સંસ્થાના ડીન પ્રૉ. જમનાદાસ સાવલિયા સાથે ચર્ચા કરી કાર્યક્રમની સફળતા માટે તેમને તથા સંસ્થાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઑફિસર ડૉ. સંજય સિલાવટ, અધ્યાપક ડૉ. ઉદાજી પરમાર, ડૉ. અરવિંદ રામી, ક્લાર્ક રમેશભાઈ પટેલ, ભરતભાઈ પટેલને તેમની શ્રેષ્ઠ કામગીરી માટે અભિનંદન પાઠવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સાદરા ગ્રામ પંચાયતના સરપંચ રેવાબેન ધરમસિંહ દેસાઈ અને પંચાયતના વિરમભાઈ રબારી તથા અશોકભાઈ રબારીની ભૂમિકા સક્રિય રહી હતી.

# હરેકૃષ્ણ મંદિર ખાતે શ્રી નિત્યાનંદ ત્રિયોદશી મહોત્સવ ઉજવાયો





શ્રી નિત્યાનંદ ત્રિયોદશી ભગવાન શ્રી નિત્યાનંદના અવતરણના શુભપ્રંસગને હરેકૃષ્ણ મંદિ, ભાડજ દ્વારા ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંદિર ખાતે ભગવાનને ખાસ અભિષેક અર્પણ કરવામાં આવ્યો અને ત્યારબાદ નિત્યાનંદ પ્રભુની કિર્તીનું મહતા દર્શાવતી આરતી સુંદર રીતે કરવામાં આવી. અભિષેક ખાસ પ્રકારનો હતો જેમાં ભગવાનને સુંગધીધાર નિર્મળ જળથી સ્નાન કરાવવામાં આવ્યું તેમજ ચંદનના તેલથી માલીશ કરવામાં આવી. માલીશ કર્યા પછી ભગવાનને પંચગવ્યા જે દૂધ, દહીં, ઘી, મધ અને મીઠા પાણીનું મિશ્રણ છે તેનાથી સ્નાન કરાવવામાં આવ્યું. ત્યારબાદ ભગવાનને સર્વોસધી સ્નાન કરાવવામાં આવ્યું અને ૧૦૮ કળશ દ્વારા અભિષેક કરવામાં આવ્યો જે પછી તેમને ઔષધીય વનસ્પતિના નિસ્તાર, સુંગધીદાર જળ, રસદાર ફળોના રસ, પુષ્પોથી સ્નાન કરાવવામાં આવ્યું. શ્રી નિત્યાનંદ ત્રિયોદશી ઉત્સવના ભાગરૂપે હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે આ પ્રકારનો અભિષેક વર્ષમાં એકવાર કરવામાં આવે છે.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**